# ROSHNI

Reaching
Out to
Serve
Humanity
with New
Initiatives



## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

PRABHAT
EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS

March 2026 | Issue No. 76 | A monthly newsletter

## સ્વીટીબેન ધૈર્ય, સમજણ સાથે સંભાવનાઓ પર વિશ્વાસના પાઠ ભણાવી જાય છે.





'હું આને કોઈ પ્રોબ્લેમ છે એ રીતે વિચારતી જ નથી. બસ થોડી એક્ટીવીટી વધારે કરાવું છું.' આ વાક્ય છે સ્વીટી બેનના. તેમની આ વાત આપણને ખરા અર્થમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળક સાથેના વલણ બાબતે પાઠ શીખવી જાય છે.

બાળકની સ્થિતિને સમજવી અને પછી તેને આધારે તેની સાથે તેને અનુરૂપ કરવું જોઈએ તેવી સમજણ જો ઘર, આંગણવાડી, શાળા અને સમાજ સ્તરે થઇ જાય છે તો સહજતાથી જ સમાવેશી વાતાવરણ બની જાય છે. સ્વીટી બેનની આ સમજણને લીધે જ જયારે ધ્રુવાંશ ઓટીસ્ટીક બાળક છે તેવી જાણ થઇ તો તેમણે તેની સામે એક જવાબદાર વાલીને શું કરવું જોઇએ એ દિશામાં કાર્ય કર્યું. હાઇપર બાળક છે તેવા તેના વલણ ને શરૂઆતમાં તેમના દ્વારા પણ અવગણના થઇ. પરંતુ સમય જતા તેમને ખ્યાલ આવ્યો અને આંગણવાડી કાર્યકર બહેનના માર્ગદર્શનને લીધે અર્બન હેલ્થ સેન્ટરમાં બાળકની તપાસ કરાવી. આમ, અમદાવાદની સિવિલ હોસ્પિટલના ડોકટરના માધ્યમથી પોતાના બાળકની સ્થિતિની જાણ થઇ. પ્રભાત સમયસર નિદાન અને તેના આધારે યોગ્ય થેરાપી બાળકમાં પરિણામ માટેની સંભાવના વધારી આપે છે તેથી જ આંગણવાડી અને આશા વર્કર જેવા પાયાના કાર્યકર સાથે અસરકારક જોડાણ કરી રહ્યું છે.

સ્વીટીબેન છેલ્લા છ મહિનાથી પ્રભાતના મણીનગર કાંકરિયા ગુજરાતી શાળા નંબર 4 રિસોર્સ રૂમ તથા આંગણવાડીમાં આવે છે જ્યાં તેને સમાવેશી શિક્ષણ અપાય છે ત્યારબાદ, થેરાપી માટે પ્રભાતના ભાઈપુરા સેન્ટર પર પણ જાય છે. તે અનુભવ શેયર કરે છે કે, 'દરેક જગ્યાએ મારા બાળક માટે જે આયોજન પ્રમાણે પ્રવૃતિઓ થઇ છે હું તેનો પરિણામ માત્ર છ જ મહિનામાં જોઈ શકી છું. 'તેની સ્પીચમાં ધીરેધીરે સુધારો થયો છે, તો સુનમુન બેસી રેહેતો બાળક હવે સામેથી પ્રવૃત્તિ માટે સામેથી કહે છે અને જાતે પણ પ્રવૃત્તિ કરી લે છે.'

રિસોર્સ રૂમના સ્પેશ્યલ એજયુકેટર સેજલ બેન કહે છે, કે જયારે ધ્રુવાંશ આવ્યો ત્યારે તે એક જગ્યાએ બેસી જ નતો શકતો અને તેથી પ્રવૃત્તિ પણ ન તો કરી શકતો. અમે તેને શરૂઆતમાં સી.પી ચેર પર જ બેસાડીને પ્રવૃત્તિ કરાવી. જેને લીધે તેને એક જગ્યા બેસવાની આદત થઇ છે. ધીરે ધીરે તે સ્વતંત્ર રીતે બેસીને પ્રવૃત્તિ કરતો થયો છે. આમ, સમયસર નિદાન, યોગ્ય ઈનપુટ અને સમજદારી ભર્યું વલણ અર્લી ઇન્ટરવેન્શનમાં બાળકના વિકાસ માટે મહત્વના સ્તંભો બની રહે છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિતે સ્વીટી બહેન એવા દરેક માતાઓનું પ્રતિનિધિત્વ કરે છે જે પરિસ્થિતિનો હિમ્મત સાથે સ્વીકાર કરે છે અને તેના ઉકેલ માટેની સંભાવનાઓને ધ્યાને રાખીને સમાવેશી દુનિયા બનાવી રહી છે. પ્રભાતનું લક્ષ્ય એ જ છે કે કોઈ પણ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકની માતા તેની સફરમાં એકલા ન ચાલે. તેમને માહિતી, માર્ગદર્શન અને દ્વારા મજબુત બનાવીને પરિવારના સૌથી મહત્વના ભાગને સશક્ત બનાવવાનું છે.

## કાર્યક્રમની ઝલક

**હોળી : ઉત્સાહ અને ઉમંગ સાથે રંગબેરંગી ઉજવણી**



આ હોળીમાં, બાળકો, માતાપિતા અને શિક્ષકોએ તહેવાર ઉમળકાથી ઉજવ્યો. ખાસ વિવિધ ક્રેયોન અને ચિત્રોને આધારે બાળકો એ હોળી અનુસંધાને ચિત્રોમાં રંગ પણ પૂર્યા. તહેવારની સાથે તેને સંબંધિત પ્રવૃતિઓ હમેશા બાળકોને તે તહેવારની વધુ નજીક લાવી દે છે. પોતાના ચિત્રમાં બાળકોએ ક્રેયોન્સ, વોટરકલર્સ, સ્પોન્જ અને ટીશ્યુ પેપરનો ઉપયોગ કરીને ખાલી કેનવાસને તેમની દુનિયાના જીવંત અભિવ્યક્તિમાં પરિવર્તિત કર્યા. આ સાથે મસ્તી, સ્વાદિષ્ટ ભોજન અને ડાન્સે હોળીના તહેવારની ઉજવણીને બમણી કરી દીધી હતી.

- દક્ષિણ ઝોનના કાંકરિયા રિસોર્સ રૂમ અને SSA શાળાઓમાં ઉત્સવનો માહોલ છવાઈ ગયો, જ્યાં પાણી ના ફુગ્ગા, વિવિધ રંગોની સાથે નાના ભૂલકાઓએ સ્વાદિષ્ટ વાનગીઓની મજા લીધી લઇ ખુશીઓ વહેંચી હતી.
- ટાટા ગ્રુપની પ્રભાતના ભાઈપુરા સેન્ટરની મુલાકાત મહિનાની 'વિશેષ' પ્રવૃત્તિ બની હતી. તેમની ટીમે ઉજવણીમાં અમારા બાળકો સાથે જોડાઈ અને પ્રભાતમાં આ "રંગોનો તહેવાર" સામાજિક સમાવેશ અને વહેંચાયેલા આનંદ માટે એક અસરકારક માધ્યમ કેવી રીતે બને છે તે પ્રત્યક્ષ અનુભવ્યું.



### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની સન્માનભેર ઉજવણી

પ્રભાતે પોતાના ભાઈપુરા કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી આ વર્ષની થીમ - "અધિકારો, ન્યાય અને કાર્યવાહી" - ને અનુરૂપ કરી, જેમાં વિવિધ ક્ષેત્રોની મહિલાઓને એકત્ર કરવામાં આવી. વિકલાંગતા અધિકાર હિમાયતી નીતા પંચાલ અને પ્રોફેસર વૃંદાની પટેલ સહિત અનેક પ્રેરણાદાયી વક્તાઓનું સ્વાગત કર્યું; પ્રભાત ટીમના સભ્ય જાગૃતિ દેસાઈ અને ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોની માતાઓ (CwSN) પણ સામેલ હતા.





વિકલાંગતા વ્યક્તિની વ્યક્તિગત મર્યાદાઓ દ્વારા નહીં, પરંતુ સામાજિક અવરોધો દ્વારા ઘડાય છે એવી નક્કર વાતો તેમના વક્તવ્યમાં બહાર આવી હતી. તેમણે દ્રઢતા, ગૌરવ અને રોજિંદા ભેદભાવ છતાં પોતાના અધિકારો માટે કઈ રીતે ઉભા રહેવું જોઈએ તે દર્શાવ્યું. 'પાવર વોક' અને 'ફેસિંગ ધ સેલ્ફ' જેવી ઇન્ટરેક્ટિવ પ્રવૃત્તિઓએ મહિલાઓને તેમની પોતાની ઓળખ ઘણીવાર જવાબદારીઓના ભારથી દબાયેલી રહે તેવી અનુભૂતિને વાચા મળી.

તેઓએ ભાર મૂક્યો કે માતા કે પુત્રી બનતા પહેલા પોતાને એક 'વ્યક્તિ' તરીકે જોવું કેટલું મહત્વપૂર્ણ છે, અને સાથે મળીને તેઓએ નિર્ભયતાથી જીવવાનો સામૂહિક સંકલ્પ લીધો. તે દિવસે, એક વ્યક્તિનો સંઘર્ષ દરેકની શક્તિ બન્યો. આપણે બધા સાથે મળીને પહેલું પગલું ભરવાનું નક્કી કરીએ છીએ ત્યારે જ ન્યાયની શરૂઆત થઇ જાય છે તે બાબત મજબુત રીતે બહાર આવી.





### 'આપણું ગોખલુ': ભાઈપુરા સેન્ટર માટેને મળી સંવેદનાત્મક જગ્યા

ભાઈપુરા સેન્ટરનો પાછળનો ભાગ એક અલગ પ્રકારની ઉર્જાથી ગુંજી ઉઠ્યો કારણ કે રિવરસાઇડ સ્કૂલના વિદ્યાર્થીઓ અને વાલીઓ પ્રભાત ટીમમાં જોડાયા અને એક નવી સંવેદનાત્મક જગ્યાને જીવંત બનાવી. જે એક સમયે શાંત ખૂણો હતો તે હવે કલ્પના માટે કેનવાસમાં પરિવર્તિત થઈ ગયો છે. પ્રભાત ટીમે નાની મોટીદરેક બાબતોને ચીવટ અને લગન પૂર્વક કાર્ય કર્યું. દિવાલો પર બનેલ ભીતચિત્રો માટે કલરનું મિશ્રણ કરવાથી લઈને રસ્સી વાળી સીડીઓ અને રોક કલાઈમ્બીંગ ની ગ્રીપ્સને સાવધાની પૂર્વક લગાડવા સુધી બધુ જ નાનું મોટું કાર્ય ટીમે કર્યું. દરેક વસ્તુને એક ચોક્કસ ઉદેશ્ય સાથે પસંદ કરવામાં આવ્યું. જેમ કે 'સેન્ડ થેરાપી' નું સંતોષ આપવાનો અહેસાસ અને શારીરિક પડકારો , અંદરોઅંદર તાલમેલ બેસાડીને બાળકોએ ઇન્દ્રિયો માટે એક 'ઘર જેવું વાતાવરણ બને. આ જગ્યા એમને પોતાને શાંત રાખવા, પોતાની ઇન્દ્રિયો ને સમજવા અને ખેલકૂદના માધ્યમથી પોતાના આત્મવિશ્વાસ વધારવા માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડે છે.

### મૂલ્યાંકન અને વ્યક્તિગત પ્લાન અને માર્ગદર્શન

ડૉ. કિલ્લોલભાઈ દ્વારા બેરલ માર્કેટના 26 બાળકોના સ્પીચ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું કે જેથી ટીમ વધુ ચોક્કસતાથી કાર્ય કરી શકે. ઉપરાંત, ભાઈપુરા સેન્ટરમાં ડોકટર માલવ દ્વાર 7 બાળકોનું સાયકોલોજી એસેસમેન્ટ અને મણીનગર શાળા નંબર 4 ના રિસોર્સ રૂમ માં ડો. કિલ્લોલ ભાઈ દ્વારા 15 બાળકોના સ્પીચ થેરાપી પ્લાન અને વાલીને માર્ગદર્શન આપવામાં આવ્યું.

## એડવોકસી (હિમાયત)

**ભાઈપુરા સેન્ટરની દીવાલો હવે વાચા આપી રહી છે!**



સુંદર અને આકર્ષક ભીંતચિત્રોથી ભાઈપુરા સેન્ટરનું પરિસર હવે જીવંત બન્યું છે. આ પરિવર્તન એ આપણા કોર્પોરેટ ભાગીદારો, શૈક્ષણિક ફેકલ્ટી અને ઉત્સાહી વિદ્યાર્થીઓ વચ્ચેના અતૂટ જોડાણ અને સર્જનાત્મક સહયોગનું પરિણામ છે.આ પ્રક્રિયા માત્ર કલાત્મક જ નહીં, પણ અત્યંત વિચારશીલ પણ હતી. પ્રભાત ટીમ સાથેની સંવાદ બેઠકોથી શરૂ થયેલી આ સફર દીવાલો પર એવા ચિત્રોમાં પરિવર્તિત થઈ, જે દરેક બાળક અને આપણી સર્વસમાવેશી (inclusive) કાર્યપદ્ધતિને અભિવ્યક્ત કરે છે.



દર શનિવારે વોલેન્ટિયર્સ અને ઇન્ટર્નસના આગમનથી સેન્ટર પર એક અનોખો ઉત્સાહ છવાઈ જતો. ધોમધખતા તાપમાં પણ અવિરત મહેનત કરીને તેમણે દીવાલો પર કિલ્લોલ કરતાં બાળકો અને કુદરતી સૌંદર્યને એવી રીતે કંડાર્યું છે કે જે સંકુલની ગરિમા વધારે છે. તેમની વ્યવસાયિક શિસ્ત અને યુવા કલ્પનાશક્તિના સંગમથી આજે ભાઈપુરા સેન્ટરની દીવાલો ખુશી અને નવી સંભાવનાઓનું પ્રતીક બની છે. પ્રભાત ટીમ આ આદરપૂર્વક બિરદાવે છે અને હૃદયપૂર્વકની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

---

**AmdavadNXT પહેલ વધુ મજબુત બની.**: ગયા મહિનાની AmdavadNXT કાર્યક્રમમાં નવી અને મહત્વની અપડેટ થઇ છે. એક ડિનર અને બ્રેનસ્ટોર્મિંગ સેશન યોજવામાં આવ્યું. દરેક સંબંધિત સહભાગી સંસ્થાનો સાથે મહિલાઓની સુરક્ષા અને સમાવેશન પર ચર્ચા કરવામાં આવી.સમાવેશી વિચાર અને કાર્ય કરતા વિવિધ ક્ષેત્ર ના પ્રતિનિધિની સાથેની આ પ્રક્રિયા ખરેખર આવકારદાયક છે.



---

**નવું જોડાણ : WOCKHARDT ના શ્રી વીરેન શર્માની મુલાકાત**

તાજેતરમાં 'વોક હાર્ડ' સંસ્થાના શ્રી વીરેન શર્માએ પ્રભાત સેન્ટરની મુલાકાત લઈ સંસ્થાના કાર્યોને ખૂબ જ નજીકથી નિહાળ્યા હતા. તેમણે સેન્ટર-બેઝ કાર્યક્રમો, વર્ગખંડની પ્રવૃત્તિઓ અને થેરાપી ઇન્ટરવેન્શનના વિવિધ પાસાઓની ગહન સમજ મેળવી હતી. આ મુલાકાત દરમિયાન થયેલા અર્થસભર સંવાદો અને તેમની મધ્યસ્થીના પરિણામે, આગામી સમયમાં પ્રભાત સાથે પ્રભાવશાળી પાર્ટનર્સના જોડાણની ઉજળી સંભાવનાઓ ઉભરી આવી છે.

## ઘરોબો

**ઇદની ઉજવણી**

ઈદ-ઉલ-ફિત્રની ઉજવણી કરતી વખતે પ્રભાતનું બેરલ માર્કેટ સેન્ટર સેવૈયા ખીરની સુગંધ અને એકબીજાની દુઆ ઓની હૂંફથી ભરેલું હોય એવું વાતાવરણ બની ગયું હતું. એક સહજ પણ મજબુત સંબંધના જોડાણની આ ક્ષણ હતી. જેણે પ્રભાતમાં એક એવી મીઠાશ છોડી દીધી જેની અસર હમેશની જેમ લાંબા સમય સુધી રહે છે.



## ટીમ બિલ્ડિંગ

**સાયન્સ સિટીના સાનિધ્યમાં તાજગીભર્યું આઉટિંગ**




પ્રભાતનો અસલી સ્તંભ તેની સમર્પિત ટીમ છે, અને આ ટીમને માનસિક રીતે વધુ સજ્જ અને એકતાના તાંતણે બાંધવા માટે સાયન્સ સિટીના પ્રવાસે જવાનું એક સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. હંમેશા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને નવા અનુભવો અને એક્સપોઝર આપતા આપણા સ્પેશિયલ એજ્યુકેટર આ દિવસે પોતે જ 'બાળક' બનીને વિજ્ઞાનના અજાયબ વિશ્વમાં ખોવાઈ ગયા હતા. માહિતીના અખૂટ ખજાના અને રોમાંચક પ્રદર્શનીઓએ આખી ટીમને અભિભૂત કરી દીધી હતી.

સવારથી સાંજ સુધી સુંદર વ્યંજનોની મજા અને સહકર્મચારીઓ સાથે વિતાવેલો આ ગુણવત્તાસભર સમય માત્ર આનંદ જ નહીં, પણ કાર્યમાં નવી તાજગી અને ઉત્સાહ પણ ભરી ગયો છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ પરસ્પરના સંબંધોને વધુ ગાઢ બનાવીને એક મજબૂત અને પ્રેરણાદાયી કાર્ય-સંસ્કૃતિનું નિર્માણ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

## સહાયક સેવાઓ

મેડીકલ સર્ટીફીકેટ 08 , સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -09 , પેન્શન માટેના સહાય ફોર્મ -06  ભરવામાં આવ્યા.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS